તુર્કી હુર.

સાઠમા રૂપીયાના ભોગે દિલ્હી આગ્રા કલકત્તાના બાબુજ જેવા જોગ સીનો ઉતાર્યા છે. જેમાં નાચ રંગના કદી નહી જોયા હોય તેવા દેખાવો



આજ સુધી તમોએ આવું ઉમદા હીંદી પીકચર જોયું નહીં હોય, અને ભવિષ્યમાં જોશો પણ નહીં એવી તમોને હમો ખાતરી આપીએ છીએ.

ગ્લોબ સીનેમા સેન્ડહર્સ્ટ રોડ-મુંબઈ.

તુર્કી હુર

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ સંગ્રહ
૧૨૨૨૧

—:૦:—

શનીવાર તા. ૧૮ મી એપ્રીલથી શરૂ.

માદન થીએટર્સ લીમીટેડનું રેકાર્ડ પીકચર.

થોડાક જાણીતા પાત્રો

અયાજ—માસ્તર મોહન, એક નીમકહલાલ નોકર

આરીફ—મી. દાદાભાઇ સરકારી, એક દારૂડ્યો જુગારી સટ્ટાબાજ,

જ્યાદપાશા—સૈયદ હુસેન, નાચ રંગનો શોખીન, બદ દીયાનતી બદમાશ

ગાનીમ—મી. સુરજરામ, એક નીમકહરામ દગાબાઝ દોસ્ત,

અનવર—માસ્તર મણીલાલ, રશીદાનો ભાઇ એક સુઘડ, સાચો, બહાદુર

રશીદા—મી. નર્મદા શંકર, અફલાતુન એકટ્રેસને શરમાવનાર
સુપ્રસીદ્ધ એકટર.

લયલા—મીસ પેશનશ કુપર, પેલું અંગાળાનું બુલબુલ, અનવરની માશુક

શરીફા—મીસ શરીફા, પુરાણી પારસી કંપનીની પ્રખ્યાત એકટ્રેસ

પરવીન—મીસ વિલ્યમસ યુરોપની મશહુર ડેન્સર

શમશા બેગમ—મીસ વીલીયન ફોક્ષ વગેરે વગેરે.

અઢી કલાકનો ગંજાવર ખેલ.

રોજ ત્રણ ખેલ ૫-૦-૮-૧૦ ૩૦ શની રવી ૩.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजरातनी कॉपीराअिट विभाग]
अनुक्रमांक ૧૨૨૮૭ वर्गांक
पुस्तकनुं नाम બહાદુર
विषय ८ : ३

તુર્કી હુર

શરાબ કયા હય પરી છુપી હય યે પાપ અગ્નિકી જલકે અંદર,
કે જીસ્કે પીતેહી નાચતા હય મનુષ્ય દુન્યામેં બનકે બંદર;
શરાબ ખાના ખરાબ હય, ભુલકર ન યુંગલમેં ફસ્કે આના,
શરાબહી જડ હય અવગુનોંકી ઇસે ન મું જીતેજી લગાના;
વગરન આરીફકી ગ્યાઇ તુમભી જહાંમેં ઐરે ઇનાબ હોગે,
ફીરોગે ગલીયોંમેં મારે મારે બ્યાથા કે હાથો ખરાબ હોગે.

દારૂ ! મનુષ્ય વિનાશક ! ધર્મનો કટ્ટો શત્રુ દેશ અને સમાજ દ્રોહી બનાવનાર શીશામાં પુરાએલી ચંડીકા ! દેશ અને ધર્મના નાશનું ખુલ્લી ગવાહી પુરતું નીશાન! એજ મદીરાનો સેવક આરીફ લક્ષાધિપતિ હોવા છતાં ભીક્ષુક બન્યો. સમાજમાં પુજાતો હોવા છતાં હીણાયો, હાડમાર થયો. ચોર, લંપટ અને ખુની ઠર્યો. મદપાન વેશ્યા વ્હાલ, અને સટ્ટાને પ્રિય ગણનારી વ્યક્તિઓ સ્વર્ગીય જગતને નર્કીય બનાવી હાડમારીના યજ્ઞ કુંડમાં પોતાનેજ નહીં પણ કુળની ઇજ્જત, બાપદાદાનું નામ અને પોતાની આંટને હોમી દે છે. જ્યાં સુધી મનુષ્ય હૃદય ખરાબ સંગતથી દુર રહેવા પ્રયત્ન કરે છે, ત્યાં સુધી તે કમળ પેઠે જગતના સરોવરમાં રહેવા છતાં પણ પાણીને સ્પર્શ કરતો નથી કીંતુ દૈવ વશ જ્યારે તેના સદભાવોપર, કુવાસનાઓ વિજય પામે છે ત્યારે તે આકાશમાં કપાઇ ગએલી પતંગ પેઠે પોતાને અન્ય જનોને સુપ્રત કરી દે છે. એજ સ્થિતિ તે ભલા, ભોળા, અને સંસારની નામના માટે પ્રાણ પાથરનાર, યુધક આરીફની છે.

આજે ઝીયાદ પાશાને ત્યાં નાચરંગ અને મદીરા પાર્ટી હતી, જાગીરદાર ઝીયાદ જેવા લંપટી પાંખડી ઉપર પ્રસન્ન થએલી લક્ષ્મી અત્યારે તેના ચરણ ધોઇ પીતી હોય તેમ અનેક ભોગ વિલાસની વસ્તુઓ, આરામ અને સુખ શાંતીના સામાન વચ્ચે તે મદીરાનો ગુલામ બેઠો હતો. શ્રીમંતો પાસે ખુશામદીઆ ગુલામો તો હોયજ. હાંજીહાં કહી, રોટલીનો ટુકડો મેળવી ખાનાર હરામ હાડકેના નપુંસકોનો જમેલો કીવા સભા શ્રિમંત જનો પાસે હમેશ ભરાયલીજ હોય છે. ઝીયાદ પાસે પણ તેવા ખુશામદીયા કુત્રા હતા. જેમાં ગાનિમ નામનો એક પાપી અને પોતાની દુર્વાસનાની તૃપ્તી અર્થે પારકાના ગળા રહેંસનાર નર્કનો ઇજારદાર અગ્રસ્થાન ભોગવતો ગાનિમ નીચ હતો છતાં લંપટ ઝીયાદ પાસે તો તે બહુજ માન ધરાવતો હતો, એજ જાગીરદાર ઝીયાદને ત્યાંની પાર્ટી તે આપણા ભલા આરીફના પતનની સીડીનું પહેલુ પગથીયું હતું.

સો કોઈ આનંદ મનાવવામાં લીન હતા, એટલામાં ગાનિમ સાથે આરીફ પણ તે સભામાં આવી પુગ્યો. આરીફને જોતાંજ મદમાં ભાન ભુલેલો ઝીયાદ ઉભો થયો અને આદર સત્કારથી તેને સભામાં લઈ આવતાં બોલ્યો. "ઓહો, આરીફ કે ? પધારો પધારો.-કોણ ગાનિમ પણ તમારી સાથેજ કે ?"

"જી હા." આરીફે કહ્યું. "ગાનિમના કહેવાથીજ સેવક આજે આપની પાર્ટીમાં પધારવાનુ માન ખાટી શકયો છે."

"ત્યારે તો એ માટે મારે ગાનિમનોજ આભાર માનવો ઘટે. આવો ગાનિમઃ-લ્યો. રસ્તે ચાલી આવતાં થાકી ગયા હશો. થાક દુર કરવાની દવા તમારા માટે મેં તય્યારજ રાખી છે લ્યો મિત્ર. ભેટો આ લાલ પરીને." એટલુ કહેતાં ઝીયાદે બે પ્યાલા ભર્યા અને પ્રથમ પ્યાલો ગાનિમ પાસે રજુ કરતાં જેમ પતંગીયું દીપકને ભેટે તેમ ગાનિમ તો હોંસે હોંસે હોઠ

મટમટાવતો ચઢાવી ગયો. જ્યારે મદીરાના નામથી કમકમતા આરીફે આનાકાની કરતાં કહ્યું, "નહીં ભાઇ ઝીયાદ હું દારૂ નથી પીતો. અને સાથે સાથે તમને પણ આ ચંડીકાના પ્રેમથી હાથ ઉઠાવવા વિનંતી કરૂં છું, મદીરા ચરણે પ્રાણ અર્પી, બદનામી, સીવાય બીજું કાંઇ મેળવી શકાયું નથી. સકમાઇએ કમાવેલા પૈસા ખરચી મૃત્યુ ખરીદવા સીવાય ભાઇ ઝીયાદ કહો મને તમે વધુ શું લાભ મેળવો છો?"

"લાભ? ¡!!" દારૂના નશામાં ડોલતો ઝીયાદ બોલ્યો. "અહા, હા, હા, લાભ તો તમને ત્યારેજ જણાશે કે જ્યારે તમે એકાદ ઘુંટ પી જોશો. અરે સાતે સ્વર્ગોની સફર કરવા આ તો હવાઇ વાહન છે, અંગ્રેજોએ એરોપ્લેનો બનાવ્યા છે, તે પણ થોડેક સુધી ઉંચે જઇ શકે છે, જ્યારે લાલ પરીના નૃત્યથી તો સ્વર્ગની સફર થઇ શકે છે. લ્યો. લ્યો. તમે પણ જરા ચાખી તો જુવો."

"બસ દુર. હું એવી સ્વર્ગની સફર કરવા નથી ચાહતો."

"કાંઈ નહીં ત્યારે." ઝીયાદ બોલ્યો. "દારૂ નથી પીતા તો કાંઇ નહી શરબત તો પીશો ને?"

"જો તમારી એજ ઈચ્છા છે તો ઘણીજ ખુશીથી લાવો. હું શરબત પીઈશ." આરીફે માન જાળવવા ખાતર કહ્યું. અને તરતજ ઝીયાદે દારૂનો પ્યાલો ભર્યો. તેમાં નારંગી અર્કના થોડાક બીંદુઓ નાખી, આરીફ સામે ધરતાં કહ્યું. "લ્યો. આરીફ શરબત પીઓ."

આરીફે પ્યાલો લીધો. પ્યાલો હોઠ પાસે ગયો, દુઃખના વાદળો આરીફ પર તુટી પડવા ઝઝુમવા લાગ્યા, હોઠને ચુંબન કરવી મદીરા તેના ગળામાં ગઇ અને ગળામાંથી પેટમાં જતાં આરીફની છાતી અગ્નિ જ્વાળાથી બળવા લાગી. તેનું મગજ

ભ્રમિત થયું, તેને ફેર આવવા લાગ્યા, અને અજાયબીથી ડોળા કાઢતાં તેણે ઝીયાદને પુછયું. "મિત્ર આપે મને શું આપ્યું?"

"અહા હા, હા, એ તો નારંગીનો શરબત..........! ! ભલા ભાઇ પાણી પી ઘર પુછવાનું તે હોય?"

"ઓફ અફસોસ, દગાથી દારૂ પાઇ મારી નામના, અને સુખને ધુળમાં મેળવી દેનારા મિત્રો ગજબ કર્યો."



"હવે એ તો થયું તે થયું. થયું તે ન થયું થનાર નથી. માટે લ્યો લ્યો. આ એક પ્યાલો વધુ પી આનંદ મેળવો."

"બસ કરો. દુર રહો." આરીફ ક્રોધમાં પોકારી ઉઠયો. પણ તેના ક્રોધને લેશ માત્ર પણ ન ગણકારતાં ઝીયાદ તેમજ

ગાનિમે આગ્રહ પુર્વક એક પ્યાલો વધુ પાયો. આ બીજો પ્યાલો હતો. તે પછી ત્રીજો, અને ચોથો, છેવટે દારૂનું એક પણ ટીપું નહી પીનાર આરીફ અને વધુ પીતો શુદ્ધહીણ થઈ ચુકયો, ખરૂં છે કેઃ—

છુટતી નહી યે મુહસે હય કાફીર લગી હુઇ.
બેઢબ યે પ્યાસ તરાંનેકી હય દીલ પર લગી હુઇ.

હવે આરીફ ન રહયો. તેના આચાર વિચારમાં પરિવર્તન થયું. તેની ભલમનસાઇ દુષ્ટતામાં ફેરવાઇ, દયાળુ હૃદય ક્રુરતા અને નિર્દયતા ધારણ કરી બેઠું. આરીફ મનુષ્ય પ્રકૃતિને તજી ઢોર જેવો બન્યો, અને ઝીયાદની દારૂ પાર્ટીમાંથ નશામાં ડોલતો આરીફ ઘેર જવા રસ્તે પડયો.

મદયરાત્રી વીતી ચુકી હતી, પતિવૃતા બાળા રશીદા પોતાના ભરથાર આરીફની વાટ જોતી બેઠી હતી, છતાં અફસોસ તે ભોળી બાળાને શી ખબર કે જેને તે ભલો અને સરળ માર્ગી ભરથાર ધારતી હતી, તે તો ગાનિમ અને ઝીયાદ જેવા પાપીઓની સંગતના પરિણામે દારૂડીઓ બન્યો હતો. સુખી રશીદાને માથે દુઃખના વાદળો ઘસડી લાવવા કારણ ભુત હતો.

આરીફ આવ્યો, કે થાકેલી પાકેલી રશીદા તેને ભેટવા દોડી ગઇ છતાં.....દુર્ભાગ્ય, આજે પ્રેમ બદલ લત્તા પ્રહાર થયો, આજે હર્ષથી ભેટવા બદલ આરીફે તેને ધકકો માર્યો, રશીદાનો પિતા પણ આ ગડબડ સાંભળી ત્યાં આવી પુગ્યો. ભલો અને નીમકહલાલ નોકર અયાઝ પણ દોડી આવ્યો, છતાં તે સઘળું વ્યર્થ હતું દારૂના નશામાં ચકચુર થએલો આરીફ પોતાના શ્વસુર ફરીદબે અને નોકર અયાઝને ધુતકારી કડવા વેણોથી પાછા વાળ્યાં.

આરીફની આવી વર્તણુકથી પતિપરાયણા રશીદા તેમજ અયાઝને બહુ દુઃખ થયું. તે પેતાના સ્વા [ના આવા વ્યહવાર-

થી હાથ મસળવા લાગ્યો, ગરીબ બાપડો તે..... બીજું શું કરી શકે સ્ત્રી અને નોકરના વશમાંજ શું હતું ? નીમકહલાલ નોકર શોકસાગરમાં ગોથાં ખાવા લાગ્યો, સ્ત્રી પતિ ભકિતને બિ વશ થઈ કાંઈ બોલી ન શકી. એવી દશામાં પતિવૃતા બાળા રશીદા માટે રડવું અને નોકર માટે કલ્પાંતજ આશ્વાસન રૂપ હતાં.

પેરીસથી આવેલી વિખ્યાત નર્તકી મીસ પર્વિન પોરોના ડાન્સીંગ હોલમાં–નૃત્યકળા શિક્ષણ વર્ગમાં–બે બાળકોને નૃત્ય શિક્ષા દેતી નજરે પડતી હતી. એટલામાં દ્વાર ઉઘડયો, અને મસરૂર નામનો એક ચપળ ચિત્રકાર પોતાની ભાણેજને પર્વિન પાસે નૃત્ય કળા શીખવવા લઈ આવ્યો, અંદર દાખલ થતાં પર્વિન નેત્રકટાક્ષ કરતી મસરૂરને પ્રથમ મીલનમાંજ ઘાયલ કરી આદર સત્કારથી આગળ લઇ આવી. મસરૂર તો તે પ્રકાશમાન મુખડાનો ભોગી થઇ પડયો હતો. તેને પર્વિનના આદર સત્કાર કરતાં કામ જવાળાની બળતરા પ્રત્યે વધુ ધ્યાન હતું. છતાં કાંઈ બોલી ન શકતો હોવાને કારણે તે કામની ભયંકર જવાળા પર સહનશીલતાનું પાણી છાંટી મતલબની વાત ઉપર આવતાં બોલ્યો, “મીસ પર્વિન, મારી ભાણેજને હું તમારી નિશાળમાં દાખલ કરવા લઇ આવ્યો છું.”

“ઘણીજ ખુશીથી સાહેબ” નર્તકી નૃત્ય કરતાં બોલી “હું તમારી ભાણેજને આનંદ સાથે નૃત્યકળા શીખવીશ.”

“અને....એને....મીસ....પ....ર્વિ....ન” મસરૂર અચકતાં અચકતાં બોલ્યો, “જુવોને મીસ તમે બહુજ રૂપાળા છો. હું પણ એક ચિત્રકાર છું, માટે શું તમે મને તમારૂં એક ચિત્ર કાઢવા નહીં આપશો ?”

“ઓહો તમો ચિત્રકાર છો કે ?” પર્વિને મંદ હાસ્ય કરતાં કહ્યું.

"જી હા"

"ત્યારે તો હું જરૂર એક ચિત્ર પાડવા દઈશ, પણ જો તમો પાંચસો રૂપીઆ મને આપી શકતા હોવ તો."

પાંચસો રૂપીઆ એક ચિત્ર લેવા માટે પર્વિનને આપી દેવા મસરૂર એક ક્ષણવાર પણ ન અચકયો. કામીયોની કામ વાસના કયાં પણ શાંત નથી રહી શકિત, તે નર્તકીના અપુર્વ ભાવને જોઇ આશકત થયો, અને સાનભાન ખોહી ચુકેલો બોલ્યો. "ભલે હું ૫૦૦ રૂપીઆ તમને આપવા બધાઉં છું. મારૂં ઠેકાણું ૭, આરમેનીયન સ્ટ્રીટ છે. માટે ત્યાં સ્ટુડીઓમાં પધારજો."

પર્વિને પણ મસરૂરના સ્ટુડીઓમાં જવા તૈયાર થઈ ગઈ. પેરીસની પ્રવિણ નર્તકી પર્વિનને તો સોનેરી શીકારજ હાથ લાગ્યો એમ કહો કે પર્વિનતો ઘેર બેઠાં ગંગા ન્હાઈ.

ઝીયાદ પાશાની અતિ સુંદર બેગમ શમ્સા પોતાની બાંધી શરીફાને સાથે લઇ ફરવા જઇ રહી હતી. મોટાઓના કોડ પણ મોટા હોય છે, તેમ ઝીયાદથી પણ અધીક ભોગ વીલાસ ભોગવતી શમ્સા રાત્રો દિવસ પોતાની મનોકામના પુરી કરવા પ્રત્યેજ વધુ ધ્યાન આપતી હતી, આજે પણ તે મદમાં ડોક ઉંચી રાખી સુંદર ગાડીમાં સ્વાર થઈ ફરવા જઇ રહી હતી. પણ દેવ ઇચ્છાએ એક અભાગ્યો પુરૂષ, સડક ઉપર ચાલતાં તેની ગાડીની ઝટફટમાં આવી ગયો. અને ગાડીનું પઇડુ તેની છાતી ઉપરથી ફરી ગયું, સડક ઉપર આવી દુર્ઘટનાનું થવું કાંઈ ગંભીર વાત ગણાતી નથી. તેથી એક પછી એક માણુસ ઘટના સ્થાપર આવી ઉભું રહેવા લાગ્યું, અને જોત જોતામાં તો ત્યાં સેંકડો જામી પોલીસના ભોંસીચા પણ ત્યાં ચઢાઇ લઇ આવ્યા અને પોતાની પ્રકૃતીનુસાર માણુસોને પકડવા લાગ્યા, સાધુના વસ્ત્રો [illegible] છુપાયલો સેતાન શાનિમ અને તેના મિત્ર મસરૂર ચિત્રકાર

પણ ત્યાં આવી ચઢયા અને શમ્સાને ઓળખતાં તેઓ પોલી-સને ઉંધુ ચતું સમજાવી, કાંઈ ચેરી મેરીના દર્શન કરાવી મામલો શાંત કરી નંખાવ્યો આ ગંભીર ગોટાળો તો શાંત થયો, પણ અનેરી જાતના ગોટાળાઓ શમ્સના હૃદયમાં રમવા લાગ્યા, એટલે મસરૂર ચિત્રકારની મનમોહક આંખોના તેજથી તણાઈ શમ્સાનું મન તેના ચરણોમાં ઢળી પડયું, આ વાતથી અજ્ઞાન ગાનિમ અને મસરૂર તો ત્યાંથી ચાલતા થયા, પણ દુશ્ચરિત્રા શમ્સા, પોતાની બાંદી શરીફાને તેની પાછળ મોકલી પત્તો મેળવી લાવવાની આજ્ઞા કરી. પોતાની ધણીયાણીની આજ્ઞાનું પાલન કરવા ચાલતી થઈ. મસરૂર એક હતો, જ્યારે તેના મન માંથી ભાગ પડાવનાર એક તો નર્તકી પર્વિન હતી, જયારે બીજી જાગીરદારની પત્નિ શમ્સા હતી, શમ્સા ગૃહસ્થાશ્રમને શોભવ-નાર હોવા છતાં વેશ્યા કરતાએ વધુ નીચ હતી. યૌવનની બહાર તેના અંગભરમાં દીસતી હતી, તેનું વીકસેલું વદન અને મત-વાલી ચાલની છટા, ઉપરાંત તેના કટાક્ષમય નેત્રો, ભલભલાઓનું મન પીગાળાવી નાખવા પુરતા હતા. ટુંકમાં એટલું કે કામથી આંધળી બનેલી શમ્સા વેશ્યા કરતાં પણ અધીક પાપીણી હતી જે મસરૂર જેવો ગાંડો અને પાખડી ચિત્રકાર જાણતો ન્હોતો.

રંડી પર જો વિશ્વાસ કરે વો આંખોવાલા અંધા હય,
છલબલસે રો હંસકર ઠગના, ઇન્કી ફેશન હય ધંધા હય.
પઇસ' દેખા તો કહેતી હય "મય ઈન ચરણોકી ચેરી હું,"
ભંગી હોતોભી કહેતી હય "રાજા બાબુ! મંય તેરી હું."
દેખા જબ ખીસા ખાલી હય તબ ફીકા વિસની નામ ધરે,
ઉસ યારકે બૈઠે ન યે યારકે ગોદીમેં વિશ્રામ કરે.

આરીફ જ્યારે ખરાબ સંગતથી સરળપંથ ત્યાગી અવળે માર્ગે ઉતરી પડયો અને દારૂ પી પાકો દારૂડીયો બન્યો ત્યારે તેના સગા સંબંધીઓનેજ નહી પણ મિત્રમંડળમાં ચિંતા

ઉપજી. પરંતુ કોઈની કાંઈ ચાલી ન શકી છેવટે આરીફનો શ્વસુર પણ તેના ક્રુર વ્યવહારથી કંટાળી પોતાના ઘરથી નીકળી જવાનો હુકમ કર્યો. પતિવ્રતા રશીદા શુદ્ધાચાર્ય બાળા પોતાનાં સ્વામીની આવી દુર્ગતિ કેમ જોઈ શકે ? પ્રથમ તો તેણે પોતાના દારૂડીયા ભરથારને બહુજ સમજાવ્યો ચરણે શીશ મુકી આ કેફી વસ્તુ મુકી દેવા વિનંતી કરી. પણ વિનાશકાળે વીપરીત બુધ્ધિએ સુત્રના ચક્રમાં ઘેરાએલો અરીફ લેશે ન સમજયો રશીદા તેના કઠોર મન ઉપર પોતાનો વિનયમંત્ર ન ચલાવી શકી; ત્યારે તે પોતાના પિતા પાસેથી પતિના દુરાચાર માટે ક્ષમા માંગવા લાગી, પિતા પાસે હાથ જોડતા તે દુઃખી બાળા કીંવા તુકીં ક્રુર બોલી, 'પિતા પિતા, આમ ઘરમાંથી હાંકી કાઢવા બદલ અન્ય રીતે તેમને સમજાવો.

"બસ હવે સમજાવવાનુ કાંઇ બાકી રહયું નથી"

"હા, કાંઇ બાકી રહયું નથી." આરીફે પડઘો કર્યો "ચાલ રશીદા ઉભી થા, અને મારી સાથે તું પણ ચાલતી થા.

"રશીદા શા માટે ચાલે ?" ફરીદે કહ્યું. "તું તારે એકલોજ જાને !"

"નહીં નહીં પિતા મને એમની સાથેજ જવા દ્યો."રશીદા કરગરી. 'ભુંડો છે છતાં મારો તો ભરથાર છે, હું એની દાશી થઇ રહીશ એમના માટે મહેનત મજુરી કરી રોટલી પેદા કરી ખવરાવીશ."

'રશીદા હઠુ ધર્મ કરમાં જો એક તરફ પિતા અને બીજી તરફ ભરથાર છે. મને મુકશે, તો કોડી કોડી માટે રવડી મરશે. 'ફરીદે ક્રોધમાં કહયું."

"મને પઇસાની દરકાર નથી. પિતા સદગુણ પિતાની પુત્રી ભલે ગરીબ થઇ જાય પણ પોતાના પતિને મુકવા તૈયાર નથી.



એક ઓર ધર્મ એક ઓર પ્રેમ, કીસકોલું ઓર કીસકો છોડું ?
યે પુજ્યપિતા, યે પ્રાણપતિ, કીસસે દીલકા નાતા તોડું

૧૨૨૫૭

ઇસ ઓર ચલું, ઇસ ઓર ચલું એક હોને પર મંય કીસકી હું?
ઇસને જબ મેરા હાથ ઇસે દે ડાલા તો મંય ઇસકી હું
યે પિતા જન્મકા દાતા હય ઓર પતિ પ્રાણકા દાતા હય
ઇસસે મરનેકા નાતા હય ઇસસે જીવનકા નાતા હય.

આટલું વિચારી. લાભાલાભની પરવા કર્યા સિવાય પિતાના ઐશ્વર્ય પર લાત મારી પતિવ્રતા, સદ્દગુણી, સર્વ ગુણ સંપન્ન રશીદા દારૂડીઆ ભરથાર સાથે ચાલતી થઈ....ધન્ય છે. રશીદા તારા પતિવ્રતને.

"મસરૂર ચિત્રકારના સ્ટુડીયો રૂમમાં મીસ પર્વિન અત્યારે પેતાનું ચિત્ર ખેંચાવી રહી હતી. મસરૂરને પોતાની જાળમાં સપડાવી લેવા તે સંપુર્ણ પ્રયત્નો કરતી હતી, છતાં તે યુવક ચિત્રકારનું મન તો અત્યારે કયાંઇ બીજેજ હતું, તેની દ્રષ્ટિમાં તો અત્યારે શમ્સા રમી રહી હતી. તેનું મન અત્યારે ચિત્ર દોરવા પ્રત્યે ન્હોતું. ચિત્ત તો શમ્સા એજ ચોર્યું હતું.

આપણી વાતો સાથે ગાઢ સંબંધ ધરાવતી એક બીજી સચરિત્ર બાળાનો હવે હું વાંચકોને પરિચય કરાવવા ધારૂં છું, જે લયલાના મધુરા નામે ઓળખાય છે. લયલા ફુલ જેવી નિર્મળ અને ફુલ વેચનારી માલણ પુષ્પોમાંજ વસનારી અપ્સરા સુગંધી મય કોમળ પુષ્પોમાં રાતદીન રહેનારૂં કમળ લયલા સુંદરી હતી. અપુર્વ સુંદરી-કીંતુ નિર્ધન-તેના મા, બાપ, ભાઇ, બ્હેન કોઇ નથી. તેની રક્ષા કરનાર કોઇ નથી. તેનું નિર્વાહ ચલાવનાર પણ કોઇ નથી. છતાં તે પોતેજ સ્વયં મહેનત કરી પોતાનું નિર્વાહ ચલાવતી બગીચામાં જઈ પુષ્પો લાવી, તેની માળા ગુંથી. વેચી પોતાનું ગુજરાન ચલાવતી-આનું નામ તે સુખમય જીવન-આનું નામ તે આત્માભીમાન-ફુલડાં વેચી જે કાંઇ ઇશ્વર તેને આપતો તે પરજ શ્રદ્ધા રાખીને આનંદે જીવન ગાળનારી અપ્સરા હતી.

ઝીયાદ પશાના મહેલમાં આજે ફરીને મેલાવડો હતો. મેલાવડાનું મુળ કારણ મસરૂર હતો. શમ્સા અ.ને મસરૂર મળી ચુકયા હતા. પતિ હોવા છતાં કામાંધ શમ્સા મસરૂરના મોહમાં પડી કામને આધીન થઇ પ્રગટેલી ભયંકર જ્વાળા બુઝાવવા તલપાપડ થઇ રહી હતી. કાળાં કૃત્યો કરનારાઓ તેવા કૃત્યોમાં સ્વર્ગીય સુખ માને છે. શમ્સા પણ તેમજ માનતી. તે પાપ કરતી હતી, એમ લેશ માત્ર પણ વિચાર્યા વિના મસરૂરના ભુજ પાસમાં તે નિત્ય દબાતી, આનંદ મેળવતી, એક તરફ ગાનિમ શરીફાને લઇ મજા કરી રહયો હતો, ત્યારે બીજા ઓરડામાં શમ્સા, મસરૂર સાથે અનંદ મનાવી રહી હતી. ચારે વ્યકિતઓ સંસારિક ચિંતાઓને વીસરી પરસ્પરના લ્હાવા લુંટવામાંજ મગ્ન હતી, ગાનીમ, શરીફાને પોતાની સાથે લગ્ન કરવા દબાણ કરવા લાગ્યો. શરીફા, જે માત્ર થોડીક વારની છુટી છવાઇ મજા મેળવવામાં આનંદ માનતી, તે લગ્ન કરવા પ્રત્યે તીરસ્કાર દર્શાવવા લાગી, અને તેનું પરીણામ શું આવ્યું ? ગાનીમ, શરીફાને લઇ નાઠો અને દોડતો દોડતો એક એકાંત જગ્યાએ આવી ચઢયો. છતાં કર્મની ગતી કાંઇ ન્યારીજ હોય છે, માર્ગમાં આરીફનો નીમકહલાલ નોકર અયાઝ આ પાપી ગાનીમને જોઇ શકયો. અને તેણે પણ તેની પુંઠ પકડી. છતાં ગાનીમ નજર ચુકાવી શરીફાને એક એકાંત ઝુંપડામાં બંધ કરી પોતાના કબજે લીધી. છતાં અયાઝની મહેનતના પરીણામે પોલીસના હાથમાં તે પાપી પીશાચ સપડાયો. અને શરીફા પર બળાત્કાર ગુજારવા માટે જેલ જાત્રાએ ચાલતો થયો.

* * *

આવો હવે આપણે ફરીને દારૂડીઆ આરીફના ઘરમાં જઇએ આજે અયાઝ, આરીફની તીજોરીમાંથી રૂપીયા ચોરી રહયો હતો. અયાઝ ભલો હતો. નીમકહલાલ હતો, છતાં જયારે તેણે પોતાના શેઠને વીના કારણે પઇસા ખરચતાં તેણે જોયો ત્યારે કાંઇ બચાવી લેવા નીમિતે તેણે ચોરી કરી અને બહાર જઇ દાટી આવ્યો. વળી કાંઈ વિચાર આવતાં તે ૫૦૦૦ ફરીને તીજોરીમાં મુકી દેવા આવ્યો, અને સપડાયો.

આરીફ જાગી ઉઠયો. અને ભલો અયાઝ ચોરીના આરોપ હેઠળ જેલમાં ગયો.

હર એક પુરૂષકો નારી કો જો મસલતી હય,
અજીબ ચકકી તુમારી જગતમે ચલતી હય.
કોઈ હે રોતા કીસી દીલસે આહ નીકલતી હય,
કીસી કે દીલમેં કીસી ઘરમેં આગ જલતી હય.
બચા ન કોઇ જગતમેં તુમારી ચાલોંસે,
બચા તો પીસ હી ડાલા દુ:ખો જંજાલોંસે.

આજે ફરીને આરીફ હોટલમાં બેઠો બેઠો ઝીયાદ સાથે મદપાન કરી રહયો હતો. પી પીલાવી શુદ્ધહીણુ બનતાં તે હોટલમાં ધાંધલ કરવા લાગ્યો લયલા પણ ફૂલ વેચવા ત્યાં આવી જેને જોતાં પાપી ઝીયાદ ભડકી ઉઠયો. અને તેને પકડી ચુંબન લેવા ગયો, શીયળ રક્ષક લયલાએ જોરમાં બુમ મારી જે સાંભળતા કપ્તાન અનવર નામનો અરબી સન્યનો વડો ત્યાં આવી પુગ્યો. અને લયલાને તે પાપી પંજામાંથી છોડાવી છતા લયલા ફરીને સપડાઈ. કોઇ પાપીના પંજામાં નહીં પણ અનવરના પ્રેમ પાસમાં.

જ્યારે આરીફ પોતાની માલ મીલ્કત સર્વસ્વ બરબાદ કરી ચુકયો, જ્યારે આપત્તિની ઘનઘોર ઘટામાં ઘેરાયો. ત્યારે તે શહેરના હલકા વર્ણના લોકોના મહોલ્લાંમાં એક નાનકડી ઝુંપડીમાં રહેવા લાગ્યો. પતિવ્રતા રસીદા એજ કુટીને રાજ મહેલ સમજી અને આવેલા દુ:ખોને પિતૃ ઇચ્છા માની આનંદમાં જીવન ગાળવા લાગી. રાજ મહેલમાં રહેનારી રશીદાનું મન આ ઝુંપડીમાં મુંઝાતુ. ત્યાં જો કોઇ તેને આશ્વાસન આપનારૂં હોય તો તે લયલા માલણજ હતી, તે ભલી પાડોશણજ હતી. રશીદા ગલપટા આદી વસ્તુઓ ગુંથતી જે લયલા બજારમાં વેચી લાવી જે કાંઇ મળતું તે રશીદાને આપતી. આજે અનવર પોતાંની બહેનને મળવા આવ્યો હતો. આ તેજ કપ્તાન અનવર છે. જેણે લયલાને ઝીયાદના પંજામાંથી મુકતી અપાવી હતી.

અનવર બહેન પાસે આવ્યો અને ૫૦૦ રૂપીયા રશીદાને આપતાં તેણે તે રાખી લેવા વિનંતિ કરી ૫૦૦ રૂપીઆ જોઇ-

દુ:ખયારી રશીદા તેનો અસ્વીકાર કરતાં બોલી "બાઇ હું તેમની આજ્ઞા વિના આ રૂપીઆ સ્વીકારી શક્તિ નથી."

"પણ આ રૂપીઆ ક્યાં કોઇ ત્રાહીતના છે. તમારો ભાઇજ તમને આપે છે ને ?" એટલું કહેતાં અનવરે જબરદસ્તીથી તે રૂપીઆ રશીદાને આપ્યા અને ચલતો થયો રશીદાએ તે રૂપીઆની દરકાર કર્યા વિના ઓસીકા તળે રાખી મુકયાં.

નહીં ચિંતા કરેંગે હમ ગુઝારા એક ઓઢનીમેં
યહી સમજુંગી મૌલાને ઉતારા એક ઓઢનીમેં
અહો કીસ્મત રહે જો પ્રાણ પ્યારા એક ઓઢનીમેં
મેરે સત્પન કા ચમકેગા સીતારા એક ઓઢનીમેં
યહી ઓઢની મુઝે રણવાસકી શોભા દીખાએગી,
કે જીસદમ પ્રાણકી સુરત નઝર ઓઢનીમેં આએગી.

અનવર ઘેરમાંથી બહાર નીકળ્યો કે દારૂના નશામાં ચકચુર બનેલો આરીફ પણ ડોલતો દાખલ થયો અને રશીદા પાસેથી પૈસા માગવા લાગ્યો ગરીબ બાપડી રશીદા તે પૈસા ક્યાંથી લાવે ? રશીદાના આનાકાની કરવાથી તે ઘરમાં પઇસા શોધવા લાગ્યો, અને છેવટે તે ૫૦૦ ની નોટ તેને મળી આવી સતી રશીદા તેની દ્રષ્ટિમાં વ્યભીચારી તરીકે તરવા લાગી અને અણુસમજે તેણે પડેલી છરી રશીદાને મારી એટલામાં લયલા અને અનવર પણ ત્યાં આવી પુગ્યા, સીપાઇીઓ બોલાવવામાં આવ્યા અને આરીફના હાથે હાથકડી પડી પણ બેભાનવસ્થાથી જાગ્રત થતાં રશીદાએ પોતાના ભરથારને કેદ પડેલો જોયો ત્યારે પુછ્યું. એમને કેદ કરવાનું કારણ ?"

"તમારૂં ખુન કરવાની ચેષ્ટા કરવા માટે."

કોણ કહે છે ? અરે એતો અશક્તિને અંગે મને મુર્છી આવી ગઇ અને ભુમી ઉપર પડેલી આ છરી ઉપર પડતાં હું ઘાયલ થઇ."

રશીદાના ખુલાસાથી પોલીસે આરીફને છોડી મુક્યો અનવરે બહુ બહુ પ્રયત્નો કરવા મંડ્યો કે કેમે કરી આરીફ ન છુટી શકે પણ તે સઘળું વ્યર્થ હતું.

જ્યારે શમ્સા અને ચિત્રકાર પરસ્પર પ્રેમમાં મગ્ન હતા ત્યારે ઝીયાદનો તારીક નામનો નોકર ઝીયાદને ખબર આપવા આવ્યો અને જ્યારે મસરૂર શમ્સા સાથે ભોગવીલાસ કરી બહાર નીકળ્યો કે તરતજ તારીકે તેને પકડ્યો અને વાઘના પીંજરામાં નાંખી મારી નંખાવી તેનું માથું કપાવી નાંખ્યું. શમ્સા જ્યારે મસરૂર સાથે પોતાની કામવાસના તૃપ્ત કરી રહી હતી, ત્યારે ઝીયાદ પણ રશીદાને પકડી મંગાવીં તે પર બળાત્કાર ગુજારતો હતો, એટલે જેવી પત્નિ તેવાજ તેમના પતિ દેવ પણ હતા. ચોરને ઘેર ચોર પરોણો એ કહેવતનુંસાર પારકાનુ ઘર ખરાબ કરવાની ઇચ્છા રાખનાર ઝીયાદનું ઘર મસરૂર ખરાબ કરી પોતાના પાપોની શિક્ષા ભોગવવા તે મહાન ન્યાયશાળી દરબારમાં ચાલતો થયો.

આજે બેગમ શમ્સાની વર્ષગાંઠ હતી, ચોમેર નાચરંગ જામી રહયું હતું. ઝીયાદ પોતની પત્ની ને ભેટ આપવા આવ્યો. થાળમાં કીંમતી જવેરાત ભરેલા હતા. જે ભેટ પછી તેણે એક નવીન જાતની ભેટ કરી તે કાંઇજ નહીં પણ મસરૂર ચિત્રકારનું માથું હતું. જેને જોતાંજ પાપીણી શમ્સા નીસ્તબ્ધ થઇ ગઇ. આ પ્રમાણે કુલ્ટા પોતાના પાપે પુગી અને સતી રશીદા પોતાના ભાઇ અનવરની મદદ થકી પોતાના સતીત્વ થકી પોતાના શીયળને બચાવી શકી.

સતીના મહીમા અનેરી જગમાં સતી છે સૈ.થી સમર્થ વાળા,
સતી છે દુર્ગા, સતી છે માયા, સતી છે શક્તિ, સતી છે કાળી.
સતીથી ભયમાં રહે છે દેવો ડરે સતીથી જગના વાલી,
સતી, "સતી" નું છે રૂપ જુદું સતી ખરી છે સુશક્તિશાળી
સતીની પુજાનો જે ઘડીથી દરેક ઘરમાં પ્રચાર થાશે,
જગતથી કાળા કુકર્મો જાશે સ્વદેશનો બેડો પાર થાશે.

ગાનીમ અને અયાઝ જેલની દીવાલો તોડી નહાસી છુટયા હતાં ગાનીમ પાપ કર્મોથી હાથ ધોઈ હવે સારી જંદગી ગાળવાના ઇરાદાથી ઝીયાદને શિક્ષા કરવા તેના ઘરમાં આવ્યો અને આવ્યો તેજ સમયે કે જ્યારે તે પાપી લંપટ રશીદાને મજબુરી રહયો

હતો. રશીદાના બચાવમાં આવેલા કપ્તાન અનવરને છરીથી ઘાયલ કરી તે રશીદાને પકડવા દોડ્યો કે તરતજ ગાનીમ ત્યા આવી ઉભો ક્ષણ વારમાં તો ત્યાં નાનકડું રણસંગ્રામ જામ્યું. અને બન્ને પાપીઓ એક બીજાના હાથે મરાઇ સકળ સૃષ્ટિના પાલનહારની અકળ કુદરતની શિક્ષાને આધિન થઇ કરણીનો જવાબ આપવા ચાલતા થયા અને તે સાથે આપણી વાર્તાનો પણ અંત આવ્યો.

આજે આરીફના ઘરમાં એક નાનકડું ટોળું આનંદમય વાતચીતમા લીન હતું, એટલામાં નીમકહલાલ અયાઝ દાખલ થયો તેણે ચોરાવેલા રૂપીઆ પચીસ હજાર આરીફને આપતાં બોલ્યો. "મારા માલીક લ્યો આ આપના રૂપીઆ."

આરીફનીતો આંખોજ ઉઘડી ગઇ રશીદાએ સર્વ હકીકતથી પોતાના સુધરી ગએલા ભરથારને પરિચીત કર્યો એટલામાં અનવર અને લયલા પણ ત્યાં દાખલ થયા, ચપળ રશીદા ચેતી ગઇ, લયલાના નેત્રો પણ નીચા ઢળ્યા અનવર પણ લજાયો છતાં રશીદા તરતજ ઉભી થઇ બનેની લજ્જા ખસેડી નાંખતાં લયલાના કોમળ હાથો અનવરના લોખંડી હાથમાં આપી આશીર્વાદના મીઠા વચનો કહી સંભળાવ્યા બહેનની મધુરવાણી અનવરને મીઠી લાગી, લયલા અને અનવર મળ્યાં અનવરે લયલાના કોમળ ગાલ પર પ્રેમનું પ્રથમ ચુંબન લીધું આ પ્રમાણે સતી રશીદાના સતિ-વથી દુઃખી સંસાર ફરીને સુખનું પ્રકાશ જોવા પામ્યું.


સતી તે આગ છે જે આગ પાણીમાં લગાડે છે,
સતીની તીવ્ર દ્રષ્ટી પ્રલય કેરૂં રૂપ લાંવ છે.
સતી લેશે નથી ડરતી જગના પાપી કામીથી,
સતી નારી અધીક બળવાન છે સહુ જગતના સ્વામીથી

સમાપ્ત.

૧૪ ભાગ

તુર્કી હુર.

૧૪૦૦૦ ફીટ



કલકત્તામાં આ મશહુર ફીલમ સાત સાત અઠવાડયા થયાં ધુમ મચાવી રહી છે. માણસો એક-એકને ચાર ચાર વખત જોતાં છતાં ધરાતા નથી, અને લોકોને ધક્કા મુક્કીથી બચાવવાને માટે પોલીશની એક નાની જેવી ફોજ ખાસ રોકવી પડી છે.

આવા ઉમદા પીક્ચરની તારીફ અમો અમારે મોઢે કરીએ તેના કરતાં તમોજ જોઈને તમારો નીખાલસ અભિપ્રાય આપજો.

ઘણાક જાણીતા વર્તમાન પત્રોએ અભિપ્રાય આપ્યા છે કે **"તુર્કી હુર"** ફીલમની તારીફ કલમની તાકાતની બહાર છે.

ખિલાફત પ્રેસ, સુલતાન ...

અમારા મુસ્લીમ બીરાદરોને

ઇદ મુબારક.

ગજવતો હર્ષના જયજય નાદ,
એ દેતો ઇદ મુબારક બાદ;
મંગળ સુરજ ઉગ્યા આજ.
મુસ્લીમ કોમ તણી ઇઝ્ઝતનાં પડઘા સંભળાજો,
સંપે મળીને પ્રેમના પ્યાલાં પીજો ને પાજો.
રહે મમ મુસ્લીમ કોમ આબાદ,
અહોનીશ પંકાતી આઝાદ;
દે સાકી હર્ષના પ્યાલાં આજ,
ગજવીએ મસ્ત બની જયનાદ.

ગ્લોબમાં પધારેલી

૧૪ ભાગ **તુર્કી હુર.** ૧૪૦૦૦ ફીટ

ની

મુસલીમ, હીંદુ, પારસી તેમજ બીજી અનેક કોમોને
ઇદની મુબારકબાદી છે.

અય હીલાલે ઇદ અય પરવરદએ આગોશે નુર,
આકે તેરે દેખનેસે દીલકો હોતા હય સુરૂર.
ઉઠ રહી હય રોઝાદારોંકી નીગાહેં શૌકમેં,
જા રહી હંય આસમાંકી સીમ્ત નઝરેં દુર દુર.
તુ યુંહી આતા રહે આના મુબારક હય તેરા,
હો હીલાલે ઇદ તુજસે કામરાનીકા ઝુહુર.